## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



જો તારી મમ્મીએ ચીક્કી બનાવી ડબામાં ભરી છે... પતંગને ખેચ્યા વગર... આનું ઢાંકણ ખેંચ... ખુલી જાય તો... ખાઈએ....!!




(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડાની શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક શાળા ખાતે ફનફેર ૨૦૧૬નું શાળાના બાળકોએ સફળ આયોજન કરી ઉજવણી કરી હતી. જેમાં શાળાના તમામ બાળકો તેમજ સ્ટાફમિત્રોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શાળાના આચાર્ય માનસિંહભાઈ ચૌધરી તેમજ નિયામકના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમને સફળ બનાવવા તમામ સ્ટાફ મિત્રોએ સહયોગ આપ્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય દ્વારા શાળાના બાળકોના સર્વાંગી વિકાસ માટે બાળકમાં રહેલી શકિતઓને ઓળખવાની વાત કરવામાં આવી હતી.

# સિવિલનું એનઆરસી સેન્ટર હવે સુપ્રિટેન્ડેન્ટના નિવાસસ્થાને ખસેડાશે

## જિલ્લા વિકાસ અધિકારીની કડક સૂચનાને પગલે સિવિલ સત્તાવાળાઓનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ચાલી રહેલ ન્યુટ્રીશ્યન રિહેબીલીટેશન સેન્ટર સિવિલ સુપ્રિટેન્ડન્ટના નિવાસસ્થાને ખસેડવાનો નિર્ણય આજે લેવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીએ આજે સિવિલ હોસ્પિટલમાં આ સેન્ટરની મુલાકાત લીધી ત્યારે આ સેન્ટર પિડીયાટ્રીક વોર્ડમાં જગ્યાને અભાવે ચાલુ હોવાનું જણાતાં તેમણે આ બાબતે સખ્ત નારાજગી વ્યક્ત કરી અને તાત્કાલિક અલગ સ્થાને શરૂ કરવાનો આગ્રહ કરતાં હોસ્પિટલ સુપ્રિટેન્ડન્ટનું નિવાસસ્થાન હાલ ખાલી હોવાથી ત્યાં ખસેડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગાંધીનગર જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાન હેઠળ ૭૮ જેટલા બાળકો અતિ કુપોષિત હોવાનું જણાવ્યું હતું. જેમને સીએમટીસી અને એનઆરસી સેન્ટરોમાં દાખલ કરી કુપોષણ મુક્ત કરવામાં આવે છે. આ બધો જ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવે છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની વિવિધ આંગણવાડીના ૮૯,૩૮૦ બાળકોની આરોગ્યતંત્રએ ચકાસણી કરી હતી. જેમાંથી ૨૫૬૫ બાળકો કુપોષિત હોવાનું જણાતાં તે મેડીકલ ઓફિસરોની તપાસ માટે રિફર કરાયા હતા. જે પૈકી ૮૧ બાળકો અતિ કુપોષિત જણાયા હતા.

આ અતિ કુપોષિત બાળકો પૈકી ૭૬ બાળકોને આ સેન્ટરોમાં હાલ સારવાર અપાઈ રહી છે.

# ગાંધીનગર જિલ્લાના બબલપુરા અને અનોડીયા ગામની મંડળીઓ ફડચામાં

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બબલપુરા ગામની બબલપુરા (મ) દૂધ ઉત્પાદક સહકારી મંડળી અને માણસા તાલુકાના અનોડીયા ગામની અનોડીયા સેવા સહકારી મંડળી લી.ને જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીની કચેરીએ ફડચામાં લઈ જવા માટેનો હૂકમ કર્યો છે.

જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ દ્વારા આ બન્ને મંડળીઓના ફડચા અધિકારીની પણ નિમણુંક પણ કરી દેવામાં આવી છે. બબલપુરા (મ) દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ફડચા અધિકારીશ્રીએ તા. ૬ જાન્યુઆરી, ૨૦૧૬ અને અનોડીયા સેવા સહકારી મંડળી લિ.ના ફડચા અધિકારીશ્રીએ તા. ૫મી જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ ચાર્જ સંભાળી લીધો છે.

આ બન્ને મંડળીઓ પાસે જે કંઈ લેણું કે માંગણુ હોય તો આ જાહેર નોટીસની પ્રસિદ્ધ તારીખથી બે માસમાં સંબંધિત અધિકારીશ્રીનો સંપર્ક કરી પોતાના લેણા અંગેના યોગ્ય પુરાવાઓ સહિતની નોંધણી કરવાની રહેશે. સમય વિત્યા બાદ કોઈ પણ લેણા કે માંગણાની નોંધણી કરવા આવશે નહી. તેવું ફડચા અધિકારીશ્રીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.



ટીમ કોંગ્રેસ દ્વારા આજે ગાંધીનગર શહેરમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી શ્રી નિશીત વ્યાસ, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી સૂર્યસિંહ ડાભી, ગાંધીનગર કોર્પોરેશનના કોર્પોરેટર શ્રી ચિમન વિંઝુડા, શ્રીમાળીભાઈ, ગાંધીનગર શહેરના રાકેશ જાની, વિરેન્દ્રસિંહ ઝાલા, અંકિત બારોટ, અન્ય મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહી ઉત્તરાયણના પર્વ નિમિત્તે ગાંધીનગરના શ્રમજીવી વિસ્તારોના ગરીબ બાળકોને ૧૫૦૦૦થી વધુ પતંગોનું વિનામૂલ્યે વિતરણ કર્યું હતું.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર શહેરમાં પતંગ બજારમાં આજે મોડી સાંજ બાદ થોડીક ઘરાકી જોવા મળી હતી. પરીક્ષાનો માહોલ હોવાથી ઘરાકી દર વખતની જેમ જામી નહિ હોવાનું વેપારીઓનું કહેવું છે.

● તૈયાર દોરી ખરીદવા માટેની સારી એવી ઘરાકી એસ.બી.આઈ.ની કેન્ટીનમાં જોવા મળી હતી.

● ગાંધીનગર મહાનગર પાલિકાના આઉટ સોર્સિંગના કર્મચારીઓનો આજ સુધી પગાર ન થતાં કર્મચારીઓમાં રોષની લાગણી જમ્મી છે.

● ગાંધીનગરમાં ઉત્તરાયણ પર્વને લઈ આજે બપોરના વિરામ સમય બાદ ઘણા કર્મચારીઓ કચેરીઓમાં ઘરે જવા રવાના થયા હતા.

● ગાંધીનગર જિલ્લાના મહેસુલી અધિકારીઓની માસિક બેઠક દહેગામ ખાતે યોજવામાં આવી હતી.

● ગાંધીનગર જિલ્લાનું તંત્ર પલ્સ પોલીસો અભિયાન, રાષ્ટ્રીય મતદાતા દિવસ તેમજ પ્રજાસત્તાક દિનની ઉજવણીની તૈયારીમાં વ્યસ્ત બન્યુ છે.

# ગાંધીનગર જૈન સોશ્યલ ગૃપને સાત એવોર્ડ : કમલ જૈનને જૈન રત્ન એવોર્ડ

## પ્રિન્સીપાલ બી.કે. જૈનને 'વિદ્યારત્ન' એવોર્ડ : ગાંધીનગરને બેસ્ટ ગૃપ ઓફ ગુજરાતનો એવોર્ડ

ગાંધીનગર, તા.૧૩

તાજેતરમાં જૈન સોશ્યલ ગૃપ ઈન્ટરનેશનલ ફેડરેશન-ગુજરાત રીજીયનની કોન્ફરન્સ ઉદેપુર ખાતે યોજાઈ હતી. જેમાં રીજીયનના ૫૮ ગૃપોના ૫૦૦થી વધુ સભ્યો હાજર રહ્યા હતા. આ ગુજરાત રીજીયનની કોન્ફરન્સમાં ગાંધીનગરના જૈન સોશ્યલ ગૃપના સાત સભ્યોને એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. આ દરમિયાન ગૃપના પૂર્વ પ્રમુખ કમલકિશોર જૈનને 'જૈન રત્ન' એવોર્ડ આપી સન્માનવામાં આવ્યા હતા.




જૈન સોશ્યલ ગૃપના પ્રમુખ મેહુલ દોશીના જણાવ્યા મુજબ ગત તા. ૮ થી ૧૦મી જાન્યુઆરી ૨૦૧૬ દરમિયાન જૈન સોશ્યલ ગૃપ ઈન્ટરનેશનલ ફેડરેશન ગુજરાત રીજીયનની કોન્ફરન્સ ઉદેપુરના ઉદયબાગ રીસોર્ટ ખાતે યોજાઈ હતી. જેમાં ગાંધીનગર ગૃપના સાત સભ્યને એવોર્ડ આપી સન્માનવામાં આવ્યા હતા. આ એવોર્ડઝ નાઈટમાં જૈન સોશ્યલ ગૃપના પૂર્વ પ્રમુખ કમલ કિશોર જૈનને 'જૈન રત્ન' એવોર્ડ,



ગૃપના સભ્ય ડૉ. બી.કે. જૈનને શિક્ષણ ક્ષેત્રે મહત્વના કાર્ય અંગે એવોર્ડ, પૂર્વ પ્રમુખ અરવિંદ શાહને 'સગપણ સેતુ ૨૦૧૫'ના શ્રેષ્ઠ કન્વીનર તરીકે એવોર્ડ, પૂર્વ પ્રમુખ આર.ડી. ગાંધીને સગપણ સેતુના બેસ્ટ કો-કન્વીનર તરીકે એવોર્ડ, ગૃપના પ્રમુખ મેહુલભાઈ દોશીને બેસ્ટ ગૃપના પ્રમુખ તરીકે એવોર્ડ તેમજ બેસ્ટ સંગીની ફોરમ માટે પ્રમુખ સંગીની એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આ રીજીયનનો સગપણ સેતુ કાર્યક્રમ હોસ્ટ કરવા માટે જૈન સોશ્યલ ગૃપના નિતીકા અરવિંદ શાહને એવોર્ડ આપી નવાજવામાં આવ્યા હતા. આમ ગાંધીનગર ગૃપના કુલ સાત સભ્યોએ ઉદેપુર ખાતેથી એવોર્ડ મેળવી નગરનું ગૌરવ વધાર્યુ હતું. આ પ્રસંગે ફેડરેશન-રીજીયનના ઉચ્ચ પદાધિકારીઓ તથા ગૃપના ૫૦ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ ત્રિદિવસીય કોન્ફરન્સ સભ્યો માટે આનંદદાયક રહી હતી.



આકાશને રંગીન બનાવતા પતંગ દોરીના પર્વની ઉજવણી માટે નગરજનો ઉત્સુક બન્યા છે. ત્યારે ઝુંપડામાં રેહતા શ્રમિકોના બાળકો પણ પતંગોત્સવની મજા માંણવા આકાશ તરફ મીટ માંડીને બેઠા છે. આવા શ્રમિક બાળકોના મુખ પર મુસ્કાન રેલાવાના ઉમદા આશય સાથે ગુડાના ચેરમેન આશિષ દવેએ શ્રમજીવી વસાહતના બાળકોને પતંગનુ વિતરણ કર્યુ હતુ. તેમણે સરકારી શાળાના બાળકોને પણ પતંગો આપ્યા હતા. શહેરમાં જરૂરિયાતમંદોને તેમણે અંદાજિત ૨૦ હજાર પતંગોનુ વિતરણ કરી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે નવી ઉડાન ભરવા શુભેચ્છા પાઠવી હતી.

# સ્વામીનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં પતંગ ઉત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના કોબા હાઈવે પરની શ્રી સ્વામીનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે આજે પતંગ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પતંગ ઉત્સવમાં શાળાના વિદ્યાર્થીઓએ ખૂબ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પતંગ ઉડાડવાનો આનંદ માણ્યો હતો.

શ્રી સ્વામીનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે આયોજિત પતંગ ઉત્સવમાં શાળાના વિશાળ ખુલ્લા મેદાનમાં વિદ્યાર્થીઓએ પતંગ ચગાવ્યા હતા. વિદ્યાર્થીઓએ ચગાવેલા અવનવી ડિઝાઈનના રંગબેરંગી પતંગોથી આકાશ છવાઈ ગયું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પતંગના પેચ લડાવી આનંદની કિકિયારીઓથી સમગ્ર વાતાવરણ જીવંત અને કિલ્લોલભર્યું



બનાવી દીધું હતું. પતંગ ઉત્સવ દરમિયાન શાળાના સંચાલકોએ બાળકોને ઉત્તરાયણ સલામતી સાથે ઉજવવા તથા સવાર અને સાંજના સમયે પક્ષીઓ ઘાયલ ના થાય તે માટે પતંગ નહી ઉડાડવા જેવા સૂચનો કર્યા હતા. બાળકોએ પણ વહેલી સવારે અને સાંજના સમયે પતંગ નહીં ઉડાડવાનો સંકલ્પ લીધો હતો. બાળકો સાથે પતંગ ઉડાડવામાં શાળાના કર્મચારીગણ પણ જોડાયા હતા. શાળાના ટ્રસ્ટી શૈલેષભાઈ ઠકકરે પતંગ ઉત્સવમાં ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા. શાળાના સ્પોર્ટસ કોચ હરજેન્દ્રસિંહ દ્વારા બાળકોને પતંગ ઉડાડવા અંગે ટીપ્સ આપવામાં આવી હતી.

# ડભોડાની શાળામાં ચોરી

## દેશની સરહદે જીવનાં જોખમે સુરક્ષા પુરી પાડતા સૈનિકો માટે ઉઘરાવેલા સૈનિક ફાળાના રૂપિયા પણ તસ્કરો ચોરી ગયા : શાળામાંથી ૪૮ હજારની મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૧૩

એક તરફ દેશની સરહદ પર પોતાની કે પોતાના પરીવારની પરવાહ કર્યા વિના દેશના નાગરીકોની સુરક્ષા માટે સૈનિકો ખડે પગે રહે છે. તો બીજી તરફ આ સૈનિકો તથા તેના પરિવારને મદદરૂપ થઈ શકાય તે આશયથી વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં ઉઘરાવવામાં આવતા સૈનિક ફાળાને પણ ચોરો છોડતા ન હોવાની બાબત ધ્યાને આવી છે. ગઈ રાત્રી દરમિયાન ડભોડાની શાળામાં ત્રાટકેલા તસ્કરો શાળામાંથી એલ.સી.ડી. ટીવી તથા ડીવઆર ઉપરાંત સૈનિક ફાળા પેટે એકઠી થયેલી રૂ.૮ હજાર જેટલી રકમ પણ ઉઠાવી ગયા છે. ડભોડા પોલીસે શાળાના આચાર્યની ફરિયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

ડભોડા ગામે સ્થિત એમ.એચ. વિદ્યા વિહાર શાળામાં ગઈ રાત્રી દરમિયાન ત્રાટકેલા તસ્કરો શાળાના આચાર્યની ઓફીસનું તાળુ તોડીને અંદર ઘુસ્યા હતા. ત્યાર બાદ વર્ગખંડોની ચાવીનું ઝુમખું ઉપાડીને વર્ગખંડો ખોલી તેમાંથી બે એલસીડી ટીવી, સીસી ટીવી કેમેરાના ફુટેજ જેમાં સ્ટોર થાય તે ડીવીઆરની ચોરી કરી ગયા હતા તે ઉપરાંત શાળાના વિદ્યાર્થીઓએ એકઠો કરેલો સૈનિક ફાળો પણ તસ્કરો ઉપાડી ગયા હતા. રૂ. ૮ હજાર સૈનિક ફાળો મળીને તસ્કરો રૂ. ૪૮ હજારની મત્તા ચોરી કરી સરકી ગયા હતાં. આચાર્ય અશોકભાઈ મોદીની ફરિયાદને આધારે ડભોડા પીએસઆઈ પી.જે.સોલંકીએ ગુનો નોંધી એફએસએલ તથા ફીંગર પ્રીન્ટ નિષ્ણાંત અને ડોગ સ્કવૉર્ડની મદદ લઈ ઉંડી તપાસ શરુ કરી છે.

# ગુજરાતમાં ઓ.એસ.એસ. અધિકાર નામે નવુ સંગઠ્ન રચાશે

પછાત વર્ગો એસ.સી., એસ.ટી., ઓબીસીના અધિકાર મામલે ન્યાય અપાવા માટે ઓ. એસ. એસ. અધિકારના નામે નવા રાજ્યવ્યાપી સંગઠ્નની દારાસભ્ય છોટુભાઈ વસાવાના અધ્યક્ષ સ્થાને રચના કરવામાં આવશે. સૌ પછાત વર્ગને એક થવાની હાકલ કરવામાં આવશે. ઓ.એસ.એસ. અધિકાર મહાસંઘ ગુજરાતના નામે નિર્માણ પામનાર નવા સંગઠન સંદર્ભે એસસી, એસ.ટી., ઓબીસીના રાજ્યભરમાંથી આગેવાનો ભાગ લેશે. જિલ્લામાંથી ૧૦-૧૦ આગેવાનો ગાંધીનગરમાં સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સે-૧૭ ખાતે આવશે. ગુજરાતના કાર્યકર્તાઓનું જાગરણ સંમેલન યોજાશે. જેમાં સરકારી શાળા, કોલેજ, સરકારી કચેરીમાં બેકલોગની હજારો ખાલી જગ્યા ભરવા, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ૨૭ ટકા અનામત લાગુ કરવા, સરકારી પ્રા. શાળાઓમાં શિક્ષકોની હજારો ખાલી જગ્યા ભરવા, વસતી આધારીત બજેટ જાહેર કરવા, અધિકાર મહાસંઘ પછાત વર્ગોના સામાજિક સંગઠન તરીકે બિન પક્ષીય રીતે જાગરણ અભિયાન ચલાવાશે.



શહેર વસાહત મહામંડળ દ્વારા તાજેતરમાં બોરીજ સ્થિત સરકારી શાળાના આંગણવાડી કેન્દ્ર ખાતે પગના મોજા, પ્રાથમિક શાળાના બાળકોને એક જ કલરના કોટ, તેમજ ગામમાં રહેતા શ્રમજીવીઓને ગરમ કાનપટ્ટીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં મહામંડળ અરૂણભાઈ બૂચ, સુધીરભાઈ દેસાઈ, કિશોરભાઈ જીકાદરા, બોરીજ વિકાસ મંડળના સભ્યો તેમજ શાળાના આચાર્યા કાશ્મીરાબેન વ્યાસ હાજર રહ્યા હતાં.

# કેન્દ્રની નવી પાક વિમા યોજનાને રાજય સરકારે આવકારી

ગાંધીનગર, તા. ૧૩

કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ નવી પાક વિમા યોજનાને આવકારતા રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે આ નવી પાક વિમા યોજનાના સરળીકરણને કારણે હવે ખેડૂતોને ઝડપથી પાક વિમાની રકમ મળી જશે.

પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે આજે યોજાયેલી એક પત્રકાર પરિષદને સંબોધતા રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ પાક વિમા યોજનાને આવકારીને ખેડૂતોના હીતમાં લેવામાં આવેલા આ ક્રાંતિકારી નિર્ણય બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવ્યા હતા. અને આભાર વ્યક્ત કર્યોહતો. અગાઉ ૧૫ ટકા પ્રીમિયમ લેવામાં આવતુ હતુ પરંતુ હવે આ નવી પાક વિમા યોજનામાં ખરીફ પાક માટે બે ટકા રવી પાક માટે દોઢ ટકા અને બાગાયતી કોમર્શીયલ પાક માટે ૫ ટકાના દર નક્કી કરવામાં આવ્યા છે.

આ નવી યોજના અંતર્ગત હવે કોઈ પણ ખેડૂત હવે ઓનલાઈન અથવા તો મોબાઈલ એપ દ્વારા ખેતરના પાક નુકશાનીના ફોટા પાડી સર્વે નંબરની વિગતો મોકલી આપશે તો તુરતજ તેને પાક વિમા યોજનાની રકમ મળી જશે. હવે નુકશાની અંગે કોઈ સર્વે કે આનાવારીની જરૂરીયાત નહી રહે.



ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના અનોડીયા ગામની કોટવાસ પ્રાથમિક શાળામાં ગઈકાલે ૫૭ બાળકોને ફુડ પોઇઝનીંગની અસરને પગલે આજે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રામાજી ઠાકોર તેમજ ધારાસભ્ય શ્રી અમીત ચૌધરી, જિલ્લાના ઉચ્ચ અધિકારીઓની ટીમ સાથે શાળાએ પહોંચ્યા હતા. ત્યાં જઈ બનેલા બનાવ અંગે વાલીઓ સાથે તેમજ શાળાના વહીવટકર્તાઓ સાથે બેઠક કરી હતી. આ ઉપરાંત મધ્યાહન ભોજન યોજનામાં ભોજન આપતા અક્ષયપાત્ર સંસ્થાના અધિકારીઓને પણ કાળજી રાખવા માટે તાકીદ કરી હતી.